# <u>ડૉ. આંબેડકરજીની પુણ્યતિથિ (સ્મૃતિ-વંદના) અહેવાલ</u>

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત એક્ષટેન્શન સેલ દ્વારા ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરજીના નિર્વાણ દિન નિમિત્તે તા.06/12/2021 સોમવારના રોજ "સ્મૃતિ- વંદના" કાર્યક્રમનું આયોજન કરેલ.આ કાર્યક્રમનું સુચારુ આયોજન માન.કુલપતિશ્રી પ્રો.(ડૉ.)અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત પહેલાં યુનિવર્સિટીની પરંપરા મુજબ અને નિર્વાણ દિન નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને માન.પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય, કા. કુલસચિવશ્રી ડૉ. ભાવિન ત્રિવેદી અને તમામ નિયામકશ્રીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને આંબેડકરજીએ ચિંધવેલા કાર્યો સાથે યુનિવર્સિટી અંતર્ગત વધુ સારા કાર્યો થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીની પરંપરા મુજબ દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં વિશેષ વક્તા તરીકે શ્રી મુકેશભાઈ રાઠવા (માનનીય બોર્ડ મેમ્બર સભ્યશ્રી, Dr.BAOU) અને મુખ્ય વક્તા તરીકે શ્રી કિશોરભાઈ મકવાણા (આંબેડકરવિદ, સામાજિક અગ્રણી તેમજ પૂર્વ બોર્ડ મેમ્બર સભ્યશ્રી, Dr.BAOU) ને આમંત્રિત કરવામાં આવ્યાં હતા. સૌ પ્રથમ આવનાર મહેમાનશ્રીઓને માન. કુલપતિશ્રી અને કા. કુલસચિવશ્રી દ્વારા ખેસ ઓઢાડી, મોમેન્ટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય દ્વારા આવનાર મહેમાનશ્રીઓનું તેમજ હાજર રહેનાર તમામને આવકારવામાં આવ્યાં હતાં. ત્યારબાદ આવનાર અતિથી શ્રી મુકેશભાઈ રાઠવાજીએ આંબેડકરજીએ કરેલા કાર્યો વિશે ખૂબ જ ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. ત્યારબાદ મુખ્ય વક્તા તરીકે શ્રી કિશોરભાઈ મકવાણાજીએ ડૉ. આંબેડકરજીએ કરેલાં કાર્યો અને તેમના કરેલાં કાર્યો પાછળ લક્ષ્યો વિશે ખૂબ જ સરસ સમજણ આપી હતી. શ્રી કિશોરભાઈ મકવાણાજીએ આંબેડકરજીએ કરેલા કાર્યોને વધુ સફળતા પ્રાપ્ત થાય તે માટે હાજર રહેલ તમામને ઉત્સાહિત કર્યા હતાં. શ્રી મુકેશભાઈ રાઠવા અને શ્રી કિશોરભાઈ મકવાણા આહલાદક પ્રવચન પછી Extension Activity Cell અને ફિલ્મ ક્લબ દ્વારા ગૌતમ હોલ ખાતે ડૉ. આંબેડકરજીના જીવન-કવન પર ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી. જેમાં યુનિવર્સિટીના તમામ અધ્યાપકશ્રીઓએ તેમજ કર્મચારીશ્રીઓએ આ ફિલ્મ નિહાળી હતી. આ ફિલ્મમાં આંબેડકરજીએ પોતાના જીવનમાં કેવાં-કેવાં સંઘર્ષો કર્યા અને તેમને જે કાર્યો કર્યા સમાજ માટે તેનું ઉત્તમ ચિત્રણ કરવામાં આવ્યું હતું. ડૉ. આંબેડકરજીની આ ફિલ્મ દ્વારા યુનિવર્સિટીનું વાતાવરણ પ્રેરિતમય બનાવ્યું હતું. ફિલ્મ નિહાળ્યા બાદ કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવી હતી.




સ્મૃતિ-વંદના









